-:: વેચાણ દસ્તાવેજ ::-

રજીસ્ટ્રેશન ડ્રીસ્ટ્રીકટ સબ સબડિસ્ટ્રીકટ ગાંધીનગરના મોજે ગામ રણાસણની સીમના બ્લોક/સર્વે નંબર ૨૩/ક/૪ ની હે.આરે.ચો.મી. ૩-૦૭-૩૦ પૈકી ઔડા કપાત બાદ કરતાં બાકી રહેતી હે.આરે.ચો.મી.૧-૮૪-૩૮ પૈકી ૫૦૦૦ ચો.મી. વાણીજય તથા ૧૩૪૩૮ ચો.મી. ઇન્ડસ્ટ્રીયલ હેતુ માટે તેમ કુલ મળી ૧૮૪૩૮ ચો.મી. બીનખેતી થયેલ જમીનમાં આવેલ **"ભૂમિ ઇન્ડસ્ટ્રીયલ એન્ડ બિઝનેશ પાર્ક"** ના નામથી આવેલા શેડ પૈકી **શેડ નં.........** ની બાંધકામ સહીતની મીલકતનો વેચાણ દસ્તાવેજ રૂા............../- અંકે રૂપિયા .... પુરાનો.

<u>એકતરફવાળા</u> :- વેચાણ આપનાર

(૧) પ્રતિકભાઇ ભીખુભાઇ કયાડા
પાન નં.ALFPP 6720 L
ઉ.વ.આ.પુખ્તવયનાં, ધર્મે-હિન્દુ, ધંધો : ખેતી,
રહેવાસી :- એસ.કે. પટેલ કોલોની, નરોડા, તા. સીટી. જિ. અમદાવાદ.
(તે સદર જમીન મા વ.વ.૧૦% ના હીસ્સેદાર)

(૨) મનસુખભાઇ ભીખાભાઇ ધામી
પાન નં.AAXPD 9999 G
ઉ.વ.આ. પુખ્ત વયનાં, ધર્મે-હિન્દુ, ધંધો : ખેતી,
રહેવાસીઃ- એ-૩૮, હરીઓમ સોસાયટી, ઇન્ડિયા કોલોની, બાપુનગર, અમદાવાદ.
(તે સદર જમીન મા વ.વ.૫% ના હીસ્સેદાર)

(૩) સવિતાબેન પરશોત્તમભાઇ ગજેરા
પાન નં.AGUPG 7855 P
ઉ.વ.આ.પુખ્તવયના, ધર્મે-હિન્દુ, ધંધો : ખેતી,
રહેવાસીઃ- ૩૦, કૈલાસધામ સોસાયટી વિભાગ-૨, બાપુનગર, અમદાવાદ.
(તે સદર જમીન માં વ.વ.૨૨.૫% ના હીસ્સેદાર)

MANISH M. PATEL ADVOCATE AHMEDABAD

(૪) સાગરભાઇ પરશોત્તમભાઇ ગજેરા

પાન નં.BLNPG 9262 M
ઉ.વ.આ.પુખ્તવયના, ધર્મે-હિન્દુ, ધંધો : ખેતી,
રહેવાસી :- ૩૦, કૈલાસધામ સોસાયટી વિભાગ-૨,
બાપુનગર, અમદાવાદ.
(તે સદર જમીન માં વ.વ.૨૨.૫% ના હીસ્સેદાર)
(૫) પરશોત્તમભાઇ પોપટભાઇ ગજેરા તે પોતે જાતે તથા
નં.૩ થી ૪ ના કુલમુખત્યાર તરીકે
પાન નં.ABBPP 5566 G
ઉ.વ.આ.પુખ્તવયનાં, ધર્મે - હિન્દુ, ધંધો : વેપાર,
રહેવાસીઃ- ૩૦, કૈલાસધામ સોસાયટી વિભાગ-૨,
બાપુનગર, અમદાવાદ.
(તે સદર જમીન મા વ.વ.૪૦% ના હીસ્સેદાર)

"જેમને હવે પછી આ વેચાણ દસ્તાવેજમાં અમો એકતરફવાળા અથવા વેચાણ આપનાર યાને કે પ્રમોટર એ રીતે સંબોધવામાં આવશે જે શબ્દના અર્થમાં એકતરફવાળા તથા તેમના હાલના તથા વખતો વખતનાં વંશ, વાલી, વારસો, સકસેર્સ, એડમીનીસ્ટ્રેટર્સ, એસાઇની વિગેરે તમામનો સમાવેશ થયેલો ગણવાનો છે.

<u>બીજીતરફવાળા</u> :- ....
વેચાણ લેનાર ઉ.વ.આ...... વર્ષ, ધર્મે - હિન્દુ, ધંધો : વેપાર,
રહેવાસીઃ- ....

"જેમને હવે પછી આ વેચાણ દસ્તાવેજમાં તમો બીજીતરફવાળા અથવા વેચાણ લેનાર યાને કે એલોટી એ રીતે સંબોધવામાં આવશે જે શબ્દના અર્થમાં બીજીતરફવાળા તથા તેમના હાલના તથા વખતો વખતનાં વંશ, વાલી, વારસો, સકસેર્સ, એડમીનીસ્ટ્રેટર્સ, એસાઇની વિગેરે તમામનો સમાવેશ થયેલો ગણવાનો છે.

કન્ફરમીંગ પાર્ટી:- **ભૂમિ ડેવલપર્સ એ નામની ભાગીદારી પેઢીના વહીવટકર્તા**
ત્રીજીતરફવાળા **પાન નં.AANFB 4436 E**
ભાગીદાર પરશોત્તમભાઇ પોપટભાઇ ગજેરા
ઉ.વ.આ.પુખ્તવયનાં, ધર્મે - હિન્દુ, ધંધો : વેપાર,

MANISH M. PATEL ADVOCATE AHMEDABAD

ઠેકાણું :- ભૂમિ ઇન્ડસ્ટ્રીયલ એન્ડ બિઝનેશપાર્ક,
ગામ- રણાસણ, તા.જી.ગાંધીનગર.

"જેમને હવે પછી આ વેચાણ દસ્તાવેજમાં કન્ફરમીંગ પાર્ટી અને/અગર ત્રીજીતરફવાળા તરીકે દર્શાવામાં આવશે. જેના અર્થમાં કન્ફરમીંગ પાર્ટી તથા તેમના હાલના તથા વખતો વખતના ભાગીદારો, સકસેસરો, એસાઇનીઓ, ટ્રાન્સફરીઓ ઇત્યાદી તમામનો સમાવેશ થાય છે."

(એ) રજીસ્ટ્રેશન ડ્રીસ્ટ્રીકટ સબ સબડિસ્ટ્રીકટ ગાંધીનગરના મોજે ગામ રણાસણની સીમના બ્લોક/સર્વે નંબર ૨૩/ક/૪ ની હે.આરે.ચો.મી. ૩-૦૭-૩૦ પૈકી ઔડા કપાત બાદ કરતાં બાકી રહેતી હે.આરે.ચો.મી.૧-૮૪-૩૮ પૈકી ૫૦૦૦ ચો.મી. વાણીજય તથા ૧૩૪૩૮ ચો.મી. ઇન્ડસ્ટ્રીયલ હેતુ માટે તેમ કુલ મળી ૧૮૪૩૮ ચો.મી.બીનખેતી થયેલી જમીન કે જેનું વિગતવાર વર્ણન આ સાથેના **"<u>પરિશિષ્ટ-૧</u>"** માં દર્શાવેલ મુજબનુ છે કે જેને હવે પછી આ વેચાણ દસ્તાવેજમાં "મજકુર સઘળી જમીન" એ રીતે સંબોધવામાં આવશે તે મજકુર સઘળી જમીન એકતરફવાળા વેચાણ આપનારાઓની કુલ સ્વતંત્ર માલીકી પ્રત્યક્ષ કબજા ભોગવટામાં કોઇના કોઇપણ જાતનાં અવરોધ કે અંતરાય સીવાય આવેલી જમીન છે.

(બી) મજકુર સઘળી જમીન સર્વે નંબર ૨૩/ક/૪ વાળી જમીનને ઔધોગિક હેતુ માટે બીનખેતીની મંજુરી અર્થે સીટી ડેપ્યુટી કલેકટરશ્રીએ અરજી કરતા સીટી ડેપ્યુટી કલેકટરની કચેરી, અમદાવાદના તા.૧૮/૦૯/૨૦૧૨ ના રોજના હુકમ નંબરઃ સીબી/જમીન/બી.ખે/એસઆર-૧૭૮/૧૧/વશી.૨૦૩૧૯ તથા ૨૦૩ ૩૪/૨૦૧૨ થી ઔધોગિકના હેતુ માટે બીનખેતીમાં ફેરફાર કરી આપવામાં આવેલ. અને સદરહુ જમીન બિનખેતીની થયેલ જમીન ડેવલપ કરવા અંગેના પ્લાન અમદાવાદ શહેરી વિકાસ સત્તામંડળ(ઔડા) હુકમ નંબર. PRM/469/11/2012/474 TI.31/ 12/2013 થી મંજુર કરેલ છે.(જેને હવે પછી રજાચિઠ્ઠી એ રીતે સંબોધવામાં આવશે) આ વેચાણ દસ્તાવેજ મા જરૂરી લેઆઉટ પ્લાન અને રજાચિઠ્ઠી નકલ આ સાથે **<u>એનેક્ષર-એ</u>** થી બીડેલ છે.

MANISH M. PATEL
ADVOCATE
AHMEDABAD

(સી) સદરહુ જમીન **"ભૂમિ ઈન્ડસ્ટ્રીયલ એન્ડ બિઝનેશ પાર્ક"**ના નામે ડેવલપ કરવા **ભૂમિ ડેવલપર્સ** નામની ભાગીદારી પેઢીને પ્રોજેકટ ડેવલપર્સ તરીકે સોંપેલ અને તે અંગેનો ડેવલપમેન્ટ કરાર તા.૨૪/૦૭/૨૦૧૪ ના રોજ અનુક્રમ નં.૧૦૩૪૨ થી રજી.થયેલ છે.જેથી મજકુર ભૂમિ ડેવલપર્સ દ્વારા સદરહુ જમીન ઉપર **"ભૂમિ ઈન્ડસ્ટ્રીયલ એન્ડ બિઝનેશ પાર્ક"** ના નામથી વાણીજય તથા ઈન્ડસ્ટ્રીયલ યુનીટોનુ બાંધકામ ડેવલોપર્સ દવારા ભાગીદારી પેઢી ના દસ્તાવેજની શરતોને આધીન કરવામાં આવેલ છે.તેની રૂઇએ આ લેખ માં કન્ફર્મીંગપાર્ટી નો સમાવેશ કરવામાં આવેલો છે.

(ડી) એકતરફવાળા વેચાણ આપનાર દ્વારા મજકુર યોજના ધી રીયલ એસ્ટેટ(રેગ્યુલેશન એન્ડ ડેવલપમેન્ટ) એકટ ૨૦૧૬ (મજકુર એકટ) તથા ધી ગુજરાત રીયલ એસ્ટેટ (રેગ્યુલેશન એન્ડ ડેવલપમેન્ટ) જનરલ રૂલ્સ ૨૦૧૭ (મજકુર રૂલ્સ) મુજબ ગુજરાત રીયલ એસ્ટેટ રેગ્યુલેટરી ઓર્થોરીટી(રેરા) સમક્ષ નોંધાવેલ છે અને તેનો નોંધણી નંબર APPLIED તા................ ના રોજનો છે જે નોંધણીનું સર્ટીફીકેટ આ સાથે એનેક્ષર-એ થી સામેલ કરેલ છે.

(ઇ) અને આ રીતે એકતરફવાળાએ મંજુર થયેલ નકશા તથા રજાચિઠ્ઠીને આધીન મજકુર સઘળી જમીન ઉપર મુકવામાં આવેલ **"ભૂમિ ઈન્ડસ્ટ્રીયલ એન્ડ બિઝનેશ પાર્ક"** નામની યોજનાના બ્લોક .... ઉપર ઔધોગિક હેતુની યોજના મુકવામાં આવેલ છે કે જેને હવે પછી આ વેચાણ દસ્તાવેજમાં "મજકુર યોજના" એ રીતે સંબોધવામં આવશે કે જેનો સમાવેશ મજકુર બીનખેતીની જમીન કે જેનું વિગતવાર વર્ણન આ સાથેના **પરિશિષ્ટ-૨** માં દર્શાવ્યા મુજબનુ છે કે જેને હવે પછી આ વેચાણ દસ્તાવેજમાં મજકુર જમીનમાં થાય છે તે શેડ નં.......... જે આશરે .... ચો.મી પ્લોટ એરીયા અને વણવહેંચાયેલ .... ચો.મી (રોડ, રસ્તા અને કોમન પ્લોટ, કોમન પાર્કીંગની વણવહેંચાયેલ જમીન સહીત) જમીન મળી કુલ્લે ...... ચો.મી જમીન અને તેમાં અમદાવાદ શહેરી વિકાસ સત્તામંડળ(ઔડા) એ મંજુર કરેલ પ્લાન મુજબની સેલ્ફ ડેવલપમેન્ટ અન્વયે કરેલ ....ચો.મી કાર્પેટ એરીયા અને માળીયુ .... ચો.મી કાર્પેટ એરીયાની મળી કુલ્લે ....

MANISH M. PATEL ADVOCATE AHMEDABAD

ચો.મી ના ક્ષેત્રફળ ધરાવતી ઔધોગિક હેતુના બાંધકામવાળી મીલકત કે જેને હવે પછી આ વેચાણ દસ્તાવેજમાં “મજકુર યુનિટ” એ રીતે સંબોધવામાં આવશે કે જેના પ્લાનની નકલ આ સાથે **એનેક્ષર-બી** માં દર્શાવેલ છે તે મજકુર યુનિટના હકકો સહીત (વગર વહેંચાયેલ હિસ્સો) તેમજ મજકુર યોજનામાં મંજુર થયેલ પ્લાન મુજબ મુકવામાં આવેલ કોમન એમીનીટીઝ તથા ફેસીલીટીઝ કે જેનું વિગતવાર વર્ણન આ સાથેના પરિશિષ્ટ-૪ માં દર્શાવ્યા મુજબનું છે તે વાપરવાના વગર વહેંચાયેલા હકકો સહીતની મીલકત બીજીતરફવાળા વેચાણ લેનારને આ વેચાણ દસ્તાવેજથી વેચાણ આપવાનું નકકી કરેલ છે.

- મજકુર યોજનામાં મુકવામાં આવેલ કોમન એમીનીટીઝ તથા ફેસીલીટીઝ તેમજ મજકુર જમીન પૈકીનો વગર વહેંચાયેલ હિસ્સાને હવે પછી સંયુકત રીતે કોમન એરીયા તરીકે સંબોધવામાં આવશે.

- મજકુર યુનિટ તથા કોમન એરીયાને હવે પછી સંયુકત રીતે “મજકુર મીલકત” એ રીતે સંબોધવામાં અવાશે અને તેનું વર્ણન આ સાથેના **પરિશિષ્ટ-૩** માં દર્શાવેલ છે.

- મજકુર યુનિટની આંતરીક દિવાલોની અંદરના ક્ષેત્રફળને કાર્પેટ એરીયા ગણવામાં આવેલ છે જેમાં મજકુર યુનિટની બાહ્ય દિવાલો, ઓપન માર્જીન એરીયાનો સમાવેશ થતો નથી પરંતુ મજકુર યુનિટની અંદરની વિભાજીત દિવાલો કાર્પેટ એરીયાનો ભાગ છે.

(એફ) મજકુર મીલકત ઉપર કોઇ સંસ્થા, બેંક, પેઢી, શ્રોફ, વ્યકિતઓ, સરકારશ્રીનો કે ગ્રામ પંચાયત કે સ્થાનિક સંસ્થાઓનો વિગેર કોઇનો બોજો કે કોઇ લોન નથી કે કોઇના જામીનમાં નથી તેની સંપુર્ણ ખાત્રી અમો વેચાણ આપનાર આપીએ છીએ.

(જી) અને આ રીતે મજકુર મીલકતમાં એકતરફવાળા સીવાય અન્ય કોઇનો કોઇપણ જાતનો લાગભાગ હકક, હીત હીસ્સો બોજો કે અલાખો નથી મજકુર મીલકત એકતરફવાળા વેચાણ આપનાર આ વેચાણ દસ્તાવેજના બીજીતરફવાળા વેચાણ લેનારને વેચાણ આપતા અગાઉ મજકુર મીલકત અન્ય કોઇને કોઇપણ પ્રકારે તબદીલ, એસાઇન કે ટ્રાન્સફર કરેલ નથી કે વેચાણ,

MANISH M. PATEL ADVOCATE

ગીરો કે બક્ષીસ આપેલ નથી તેમજ બીજી અન્ય કોઇપણ રીતે લખી આપેલ નથી મજકુર મીલકત સહીતની મજકુર જમીન ઉપર કોઇનો કોઇપણ પ્રકારનો ખોરાકી, પોશાકી કે રહેઠાણ વિગેરે કોઇપણ જાતનો લાગભાગ, હકક, હિત હિસ્સો નથી કે પોશાતો નથી તેમજ મજકુર મીલકત કે તેનો કોઇપણ ભાગ કોઇપણ અદાલત કે કચેરીના હુકમથી જપ્તીમાં કે અવલ જપ્તીમાં લેવામાં આવેલ નથી તેમજ મજકુર મીલકત કોઇને વેચવી વેચાવવી નહી તેવો કોઇપણ જાતનો મનાઇ હુકમ કોઇપણ અદાલત કે કચેરી તરફથી એકતરફવાળા ઉપર નીકળેલ નથી કે બજેલ નથી કે મજકુર મીલકત કે તેનો કોઇપણ ભાગ કોઇપણ ભાગ કોઇપણ યોજના માટે અનામત રાખવામાં આવેલો નથી તેમજ મજકુર મીલકત સહીતની મજકુર જમીન કોઇ એકવીઝીશન, રેકવીઝીશન કે રીઝર્વેશનમાં આવેલ નથી કે તે મુજબના કોઇ પ્રોસીડીગ્સ એકતરફવાળા ઉપર ચાલતા નથી મજકુર મીલકત સહીતની મજકુર જમીનના તમામ રાઇટ ટાઇટલ કલીયર માર્કેટેબલ અને સેલેબલ છે પાકો વિશ્વાસ અને ભરોસો વેચાણ લેનારને આપેલ છે તેમજ મજકુર મીલકતના તમામ પ્રકારના રાઇટ, ટાઇટલ, ઇન્ટરેસ્ટની વેચાણ લેનારે ચકાસણી કરેલ છે અને તેનાથી વેચાણ લેનારને સંતોષ છે અને તે રીતે મજકુર મીલકત એકતરફવાળા વેચાણ આપનારે આ વેચાણ દસ્તાવેજના બીજીતરફવાળા વેચાણ લેનારને રૂા.........../- અંકે રૂપિયા .... પુરામાં કુલ અભરામ ન દાવે વેચાણ આપી મજકુર મીલકતનો આ વેચાણ દસ્તાવેજ લેનારની તરફેણમાં કરી આપેલ છે.

(એચ) મજકુર મીલકતના આ વેચાણ દસ્તાવેજથી એકતરફવાળા વેચાણ આપનાર અને બીજીતરફવાળા વેચાણ લેનાર એકબીજાને લખી આપે છે કે,

(૧) બીજીતરફવાળા વેચાણ લેનારે મજકુર મીલકત પૈકી

- મજકુર યુનીટના .... ચો.મી. કાર્પેટ એરીયા અને માળીયુ .... **ચો.મી.** કાર્પેટ એરીયાની મળી કુલ્લે .... ચો.મી. ના બાંધકામની કિંમત તેમજ મજકુર જમીન .... ચો.મી. પ્લોટ એરીયા અને વણવહેંચાયેલ .... ચો.મી. (રોડ, રસ્તા અને કોમન પ્લોટ, કોમન પાર્કીગની વણવહેંચાયેલ જમીન સહીત) જમીન મળી કુલ્લે .... ચો.મી. જમીનનો

MANISH M. PATEL ADVOCATE AHMEDABAD

પ્લોટ અને વગર વહેંચાયેલ હિસ્સા જમીન સહીતની કુલ્લે કિંમત **રૂા................/- અંકે રૂપીયા .... પુરા** તથા

– મજકુર યોજનામાં મુકવામાં આવેલ કોમન એમેનીટીઝ તથા ફેસીલીટીઝ ના વરાડે પડતા વગર વહેંચાયેલ હકકોની કિંમત આ કિંમતમાં આવરી લેવામાં આવેલ છે. કુલ **રૂા......................./- અંકે રૂપીયા ....** **પુરા**માં વેચાણ આપેલ છે અને તે મુજબનો મજકુર મીલકતનો ચુકતે વેચાણ અવેજ **રૂા......................./- અંકે રૂપીયા .... પુરા**માં નીચે જણાવેલ વિગતે ચુકવી આપેલ છે જે વેચાણ આપનારને મળેલ છે જે વેચાણ આપનાર કબુલ, મંજુર રાખી આથી પહોંચ લખી આપે છે અને મજકુર મીલકતનો પ્રત્યક્ષ, શાંત અને ખાલી કબજો તમામ પ્રકારના બોજાઓથી મુક્ત વેચાણ આપનારે આ દસ્તાવેજના વેચાણ લેનારને આજરોજ સોંપેલ છે વેચાણ લેનાર દ્વારા ચુકવવામાં આવેલ વેચાણ અવેજમાં જણાવેલ ચેકો સ્વીકારાઇ જવાની શરતો આ વેચાણ દસ્તાવેજ કરવામાં આવેલ છે અને તમામ ચેકો સ્વીકારાઇ ગયા બાદ જ સદરહુ વેચાણ દસ્તાવેજ અમલમાં આવેલ ગણાશે તેમજ વેચાણ અવેજ પેટે આપવામાં આવેલ ચેકો સ્વીકારાય નહી તો આ વેચાણ દસ્તાવેજ બાદ વેચાણ લેનાર દ્વારા મજકુર મીલકત અંગે કોઈપણ જાતના વ્યવહારો જેવા કે ગીરો, વેચાણ વિગેરે કરવામાં આવેલ હશે તે તમામ માન્ય ગણાશે નહી અને તે રીતે મજકુર મીલકતનો આ વેચાણ દસ્તાવેજ આજ રોજ વેચાણ લેનારની તરફેણમાં કરી આપેલ છે.

:: અવેજ ચુકવ્યાની વિગત ::

રકમ (રૂા.)	ચેક નં.	તારીખ	બેંક નું નામ
/-	**અંકે રૂપિયા**		**પુરા.**

(૨) ઉપર જણાવ્યા મુજબ મજકુર મીલકતના કુલ વેચાણ અવેજની કિંમત લાગુ પડતા ટેક્ષ સહીતની કિંમત છે એટલે કે કુલ વેચાણ અવેજમાં મજકુર

મીલકતનો વેચાણ થાય ત્યાં સુધીના ચુકવવાપાત્ર સર્વિસ ટેક્ષ, જી.એસ.ટી., શૈક્ષણીક કર, ઉપકર અગર અન્ય કર, ચાર્જીસનો સમાવેશ થયેલ છે અને તે તમામ રકમો વેચાણ આપનારે ચુકવવાની છે.

(૩) આજરોજથી વેચાણ લેનાર મજકુર યુનીટના કુલ સ્વતંત્ર માલીક અને પ્રત્યક્ષ કબજેદાર થયા છે અને મજકુર યુનીટમાં વેચાણ લેનાર વસે, વસાવે, વેચે, સાટે યા ગીરે આપે યા વેચાણ લેનારનુ દીલ ચાહે તેમ ઉપયોગ કરવા હકકદાર છે. મજકુર મીલકતમાંથી નવેનીધ અષ્ટમાં સિધ્ધ જે કાંઇ પ્રગટ થાય તે તમામ વેચાણ રાખનારના નસીબનું છે વધુમાં વેચાણ આપનાર આ દસ્તાવેજના વેચાણ લેનારને બાંહેધરી આપે છે કે મજકુર મીલકતના વેચાણ લેનારની માલીકી કબજા ભોગવટા ઉપયોગમાં વેચાણ આપનાર અગર તેના હાલના તથા વખતોવખતના ભાગીદારો કે તેમના વંશ, વાલી, વારસો વિગેરે હરકત અટકાયત કરશે કરાવશે નહી અને જો કરે કરાવે અને તેથી કરીને વેચાણ લેનારને જે કાંઈ નુકશાન કે ખર્ચ થાય તે તમામ વેચાણ આપનાર ચુકવવા આથી બંધાયેલા છે અને રહેશે.

(૪) વેચાણ લેનાર મજકુર યુનીટના આ વેચાણ દસ્તાવેજ અંગે આથી વધુમાં બાંહેધરી આપી જાહેર કરે છે કે,

(એ) મજકુર મીલકત અંગેના કેન્દ્ર સરકાર, ગુજરાત સરકાર તથા સ્થાનીક સરકારના કરવેરા, ટેક્ષ, લાગા વિગેરે આજદીન સુધીના વેચાણ આપનારે ભરેલ છે અને વેચાણ દસ્તાવેજ પછીના ઉપરોક્ત તમામ વેરાઓ તેમજ શહેરી વિકાસ સત્તા મંડળ/કોર્પોરેશનના એમીનીટી ચાર્જ, બેટરમેન્ટ ચાર્જ કે અન્ય કોઇપણ જાતના કરવેરા વેચાણ લેનારે ભરવાના છે તેમજ મજકુર મીલકત અંગે જરૂરી વીમો વેચાણ લેનારે આજ પછીની પોતાના ખર્ચ મેળવી લેવાનો રહેશે.

(બી) વેચાણ આપનારે મજકુર યોજનાનો યોગ્ય અને વ્યવસ્થિત વહીવટ થાય તે સારૂ **"ભૂમિ ઈન્ડસ્ટ્રીયલ એન્ડ બિઝનેશ પાર્ક"** માંના તમામ સબ-મીલકત ધારકોએ સંયુકત રીતે ભેગા મળીને જે એસોસીએશન કે રજીસ્ટર્ડ સોસાયટી બનાવવાનુ નકકી કરે અગર કરવામાં આવે તો તેમાં તમોએ તેમના ફરજીયાત સભ્ય બનવાનું હોઇને તમો વેચાણ લેનાર બીજીતરફવાળા પણ સદર નકકી

MANISH M. PATEL
ADVOCATE
AHMEDABAD

કરવામાં આવે તે એસોસીએશન અગર સોસાયટીના સભ્ય બનતા તમોએ તેના નીતિ-નિયમો અને ઠરાવોનું પાલન કરવાનું ફરજીયાત છે તથા સદર **"ભૂમિ ઈન્ડસ્ટ્રીયલ એન્ડ બિઝનેશ પાર્ક"**ના રોડ રસ્તાઓ, કોમન સ્પેસ સહીત તમામ કોમન સુવિધાએ વાપરવા, ભોગવવા હકકદાર છો અને રહેશો જે અન્વયે જે તે સમયે સદરહુ સ્કીમના વહીવટકર્તાઓ ઠેરવે તે રકમ ભરવા/ચુકવવા તમો વેચાણ લેનાર બીજીતરફવાળા બંધાયેલા છો અને રહેશો.

(સી) વેચાણ લેનારે મજકુર યોજનાના વેચાણ આપનારે તથા મજકુર સોસાયટીએ નકકી કરેલા ધારાધોરણ મુજબ અને વખતોવખતના યોજનામાં કરવામાં આવતા નીતિનિયમો મુજબ વર્તવાનુ તેમજ તેનો અમલ કરવાનો રહેશે.

(ડી) મજકુર યોજનામાં વેચાણ આપનાર દ્વારા જે રીતે ઈલે.કનેકશન, વોટર લાઈન, ગટર લાઈન વિગેરે આપવામાં આવેલ છે તેમાં મજકુર યુનીટના બાંધકામમાં કે એલીવિશનમાં કોઈપણ પ્રકારનો ફેરફાર વેચાણ આપનાર અગર વેચાણ લેનારે મજકુર યુનીટના આંતરીક અને બાહ્ય ભાગોમાં અગર આરસીસી બીમ, સીલીગ, કોલમ, સ્લેબ વિગેરેમાં અગર મજકુર યોજનાના અન્ય યુનીટો કે અન્ય ભાગોને નુકશાન થાય તે મુજબની તોડફોડ કરવાની નથી અગર મજકુર સોસાયટીની મંજુરી લીધા સિવાય વેચાણ લેનારે કરવાનો નથી તેમજ સદરહુ યોજનાનુ નામ હંમેશ માટે **"ભૂમિ ઈન્ડસ્ટ્રીયલ એન્ડ બિઝનેશ પાર્ક"** રહેશે અને તેમાં પણ વેચાણ લેનાર ફેરફાર કરી શકશે નહી જો વેચાણ લેનાર અન્ય કોઈ મંજુરી લીધા વિના બાંધકામ કે એલીવિશન વિગેરેમાં ફેરફાર કરે કરાવશે તો તે વેચાણ આપનાર અગર મજકુર સોસાયટી ચાહે તે સમયે દુર કરી કરાવી શકશે અને વિકલ્પે તેવા બાંધકામના સુધારાઓ જો મંજુર થઈ શકે તેવા હશે તો તે પેટે દંડની રકમો વેચાણ આપનાર અગર મજકુર સોસાયટી નકકી કરે તે મુજબની ચુકવવાની જવાબદારી વેચાણ લેનારની રહેશે.

(ઇ) વેચાણ લેનાર આ વેચાણ દસ્તાવેજથી વેચાણ રાખેલ મજકુર યુનીટમાં જો વેચાણ લેનારે કોઈ વધારાનું બાંધકામ કરવાનુ નથી અને જો મંજુરી વિનાનું વધારાનુ બાંધકામ કરશે તો તે ફોજદારી તેમજ અન્ય ગુનાને પાત્ર બીનકાયદેસરનું કૃત્ય ગણાશે અને તેથી તાત્કાલીક રીતે વેચાણ લેનારના ખર્ચે

MANISH M. PATEL
ADVOCATE

અને જોખમે તોડી પાડવામાં આવશે અને તેવા બીનકાયદેસરના બાંધકામો કરનાર યાને કે આ દસ્તાવેજના વેચાણ લેનાર સામે લીગલ કાર્યવાહી હાથ ધરવામાં આવશે અને તે અંગેના તમામ ખર્ચ તથા નુકશાનની જવાબદારી વેચાણ લેનારની રહેશે.

(એફ) મજકુર યોજનામાં વેચાણ આપનારે આ સાથેના <u>પરીશીષ્ટ-સી</u> મુજબની કોમન એમીનીટીઝ તથા ફેસીલીટીઝ મુકવામાં આવેલ છે તેની વેચાણ લેનારને જાણ છે તેમજ વેચાણ લેનારે તેની ચકાસણી કરેલ છે અને તે બાબતે વેચાણ લેનારને કોઇ વાંધો કે તકરાર નથી તે વેચાણ લેનાર આથી કબુલ, મંજુર રાખે છે.

(જી) મજકુર યોજનાના તમામ યુનીટોનું વેચાણ ન થાય તેમજ તમામ યુનીટોનાં દસ્તાવેજો ન થાય ત્યાં સુધી મજકુર યોજનાનો વહીવટ વેચાણ આપનાર પોતે સંભાળશે અને ત્યારબાદ મજકુર સોસાયટીને સોંપશે અને તે અંગે વેચાણ લેનારે કોઇ વાંધો કે તકરાર લેવાનો નથી તે વેચાણ લેનાર આથી કબુલ, મંજુર રાખે છે.

(એચ) વેચાણ લેનારને મજકુર મીલકતનો પ્રત્યક્ષ કબજો મળેથી મજકુર યોજનાનાં યોગ્ય વહીવટ માટે જે પણ ખર્ચા જેવા કે વરાડે પડતા ટેક્ષ, વેરા, મહેસુલ, ઉપકર રૂપાંકર, વહીવટી ખર્ચ, પાણી ચાર્જીસ, કોમન સમારકામ ખર્ચ, કોમન વીજળી ખર્ચ, કોમન એમીનીટીઝ તથા ફેસીલીટીઝનાં સમારકામ, સુધારા-વધારાનાં ખર્ચ, ચોકીદારો, સફાઇ કામદારો, એકાઉન્ટ કલાર્ક વિગેરેનાં પગાર/ફી તેમજ મજકુર યોજનાના યોગ્ય વહીવટ અને વ્યવસ્થા અંગે જરૂરી તમામ ખર્ચ ભરવા વેચાણ લેનાર બંધાયેલા છે અને રહેશે અને તે મુજબ કોમન મેઇનટેનન્સ ડીપોઝીટની રકમ વેચાણ લેનારે ભોગવેલ છે અગર વેચાણ આપનારને અલગથી ચુકવી આપવાની છે તેમજ જયાં સુધી સોસાયટી દ્વારા કોઇ એક યોગ્ય રકમ નકકી કરવામાં ન આવે ત્યાં સુધી ઉપર મુજબનાં ખર્ચ અંગે વેચાણ લેનારે માસીક મેઇનટેનન્સ ખર્ચ પેટેની રકમ વેચાણ આપનાર કે વહીવટદારો જે નકકી કરે તે પ્રમાણે ચુકવવાના રહેશે વેચાણ લેનાર દ્વારા ચુકવવામાં આવનાર આવી માસીક મેઇનટેનન્સની રકમો જયાં સુધી યોગ્ય સોસાયટી/સંસ્થા/મેઇનટેનન્સ કંપનીની સ્થાપના કરવામાં ન આવે

MANISH M. PATEL ADVOCATE AHMEDABAD

ત્યાં સુધી વેચાણ આપનાર પાસે વગર વ્યાજે જમા રહેશે અને તેમાંથી વેચાણ આપનારે ઉપર મુજબના ખર્ચ કરવાના રહેશે તેજ માસીક કોમન મેઇનટેનન્સની રકમો ફરજીયાત રીતે સોસાયટીમાં જમા કરાવવાની છે અને રહેશે તેમજ તેવા ખર્ચામાં ભવિષ્યમાં જે પણ વધારો-ઘટાડો થાય તે અંગે વેચાણ લેનારને માન્ય રહેશે અને તે અંગે વેચાણ લેનારે કોઇપણ જાતની તકરાર લેવાની નથી તે વેચાણ લેનાર આથી કબુલ, મંજુર રાખે છે.

(આઇ) ઉપર પેરામાં જણાવેલ રકમો જો વેચાણ લેનાર ચુકવવામાં ચુક કરે અગર ચુકવે નહી તો તેવી તમામ રકમો વેચાણ આપનાર અગર મજકુર સોસાયટી તેમની સગવડ મુજબ વેચાણ લેનાર વતી વેચાણ લેનાર ના ખર્ચ અને જોખમે જે તે સરકારી અર્ધ સરકારી વિગેરે સંસ્થા ને ચુકવી શકશે અને ત્યારબાદ વેચાણ અગર મજકુર સોસાયટી તેવી ચુકવેલ રકમો ૧૨ ટકા ના વાર્ષિક વ્યાજ સહીત વેચાણ લેનાર પાસેથી વસુલ કરવા હકકદાર રહેશે અને તેવી રકમ વસુલ કરવા વેચાણ આપનાર અગર મજકુર સોસાયટી તમામ કાયદેસર ની કાર્યવાહી કરી શકશે અને તે રકમો વસુલ કરવા અંગેના ખર્ચ થતા નુકશાની તમામ જવાબદરી વેચાણ લેનારની હોવાની ગણાશે તેમ છતા પણ જો તેવી રકમો ચુકવાની જવાબદારી માં વેચાણ લેનાર કસુર કરે તો તે અંગે વેચાણ આપનાર અગર મજકુર સોસાયટી બોર્ડ ઓફ નોમિનીઝ , જીલ્લા રજીસ્ટ્રાર સહકારી મંડળીઓ, રેરા કે અન્ય સક્ષમ ઓથોરીટી સમક્ષ જરૂરી દાંદ માંગી તેવી રકમ વસુલ કરી શકશે.

(જે) મજકુર યોજનાની તમામ કોમન ફેસેલીટીઝ તથા એમેનીટીઝનો વાપર ઉપયોગ વેચાણ લેનારે મજકુર યોજનાના સભ્યો સાથે મળીને તેમજ સંયુકત રીતે કાયદેસર અધીકૃત કરવાનો છે અને રહેશે.

(કે) મજકુર મિલકત નો ઉપયોગ વેચાણ લેનારે માત્ર ધંધા ના હેતુસર કરવાનો છે અને રહેશે અને તેમજ મજકુર મિલકત નો ઉપયોગ યોજનાના અન્ય સભ્યોને કોઇપણ જાતનુ નુકશાન ન થાય તે રીતે કરવાનો રહેશે, તેમ છતા છો વેચાણ લેનાર જો ધંધા સિવાય ના ઉપયોગ કરે તો તેને કારણે મજકુર સોસાયટી કે મજકુર યોજનાના કોઇપણ સભ્યને કોઇપણ જાતના ખર્ચ કે નુકશાનમાં ઉપરવું પડે તો તેની સઘળી જવાબદારી વેચાણ લેનારની રહેશે.

MANISH M. PATEL
ADVOCATE
AHMEDABAD

(એલ) મજકુર યુનિટ નો વેચાણ લેનારે જાતે તેમજ પોતાના ખર્ચે વહીવટ કરવાનો રહેશે એટલે કે બીજીતરફવાળાએ વેચાણ રાખેલ મજકુર મિલકતમાં બીજીતરફવાળાએ અગર તેના કુટુંબના સભ્યોએ ગંદકી કરવાની નથી.

(એમ) વેચાણ લેનારે કોઇપણ જાતનો સરસામાન, રેતી, ઈંટો કે અન્ય કોઇપણ જાતનો સામાન મજકુર જગ્યાની કોમન જગ્યા ઉપર કે કોમન રસ્તા, કોમન પાર્કીંગ, કોમન માર્જીન ઉપર કે અન્ય કોઇપણ યુનિટ પાસે કે કોઇને પણ નડે કે નુકશાન ન થાય તે રીતે રાખવાનો નથી તેમજ વેચાણ લેનારે મજકુર મિલકત માં કોઇપણ જાતની ગેરકાયદેસર ની વસ્તુઓ લાવવાની નથી તેમજ મજકુર જગ્યાની કોમન જગ્યામાં કોઇપણ જાતનુ નુકશાન થાય તે મુજબનો કોઇપણ જાતનો ભારે માલસામાન કે ચીજવસ્તુઓ કયારેય લાવવાની નથી અને જો અનિવાર્ય સંજોગોમાં કોઇપણ જાતનો માલસામાન જે કાયદેસર નો હોય તે પણ લાવવાની જરૂરીયાત ઉપસ્થિત થાય, તો વેચાણ લેનારે મજકુર સોસાયટીની અગર વેચાણ આપનાર ની લેખિત મંજુરી વગર લાવવા લઇ જવાનો નથી.

(એન) વેચાણ લેનારે વેચાણ રાખેલ મજકુર યુનિટ અન્ય કોઇપણ યુનીટ સાથે વેચાણ આપનાર મજકુર સોસાયટી ની તેમજ સક્ષમ ઓથોરીટીની લેખિત પરવાનગી લીધા વગર કોઇપણ સંજોગો માં એકત્રિત કરવા કરાવવાની નથી કે વેચાણ રાખનાર યુનિટ નુ બે કે તેથી વધુ યુનિટ માં વિભાજન કરવા કરાવવાનુ નથી કે તેવા યુનિટો નુ વેચાણ કરવા કરાવવાનુ નથી.

(ઓ) બીજીતરફવાળાએ વેચાણ રાખેલ મજકુર યુનિટ સિવાયની સદરહુ મજકર યોજનાની કોઇપણ મિલકત એટલે કે કોઇપણ યુનિટ એકતરફવાળા વેચાણ આપનાર પોતાની ઈચ્છા મુજબ કોઇપણ વ્યકિતને કોઇપણ સમયે વેચાણ કરવા હકકદાર છે અને તે અંગે વેચાણ લેનારે કોઇપણ જાતની તકરાર હાલ કે ભવિષ્યમાં લે-લેવડાવવાની નથી.

(૫) ભવિષ્યમાં સદરહુ યોજનામાં બાંધકામ અંગેના કે ડેવેલપમેન્ટ બાબતેના અમદાવાદ મ્યુનિ.કોર્પોરેશન કે અન્ય ઓથોરીટી દ્રારા જે નિતીનિયમો માં ફેરફાર કરવા આવે કે બાંધકામ બાબતે છુટછાટ આપવામાં આવે અને તેના અનુસંધાને મજકુર જમીન કે મજકુર સઘળી જમીન પૈકીની ખુલ્લી જગ્યામાં

MANISH M. PATEL ADVOCATE AHMEDABAD

એફ.એસ.આઇ. મુજબનુ વધારાનું બાંધકામ મળવાપાત્ર થાય, તો એકતરફવાળા તેવું વધારાનું બાંધકામ જરૂરી પ્લાન મંજુર કરાવીને/રીવાઇઝડ કરી કરાવીને પોતાના ખર્ચે કરી શકશે તેમજ તેવું બાંધકામ જે તે વ્યકિતને વેચાણ કરી શકશે એટલે કે આ પેરામાં દર્શાવેલ વિગતે મજકુર સઘળી જમીન પૈકીની વાપરવાપાત્ર ખુલ્લી જગ્યાના એફ.એસ.આઇ.ના તમામ હકકો વેચાણ આપનારનાં રહેશે અને તેવા વધારાનાં બાંધકામના નકશાઓ મંજુર કરાવવા સારૂ વેચાણ લેનારની કોઇ પરવાનગી કે સહીઓ લેવાની રહેશે નહી અને જો વહીવટી અનુકુળતા માટે તેવી સહીઓ જરૂરી બને, તે સંજોગોમાં આ કરારના વેચાણ લેનારે વિના આનાકાનીએ તેવી સહીઓ કરી કરાવી આપવાની રહેશે અગર વેચાણ આપનાર આ કરારના વેચાણ લેનાર વતી તેવી જરૂરી સહીઓ કરી લેવા મુખત્યાર હોવાનુ ગણાશે.

(૬) મજકુર યુનીટના આ વેચાણ દસ્તાવેજના આધારે તમામ સરકારી કે ગ્રામ પંચાયતના રેકર્ડમાં વેચાણ લેનાર પોતાના નામે ટ્રાન્સફર કરાવી શકે છે અને મજકુર યુનીટ વેચાણ લેનારના નામે ટ્રાન્સફર કરાવવા સારૂ જયાં જયાં અને જયારે જયારે જે જે સહીઓ, સાક્ષીઓ, કબુલાતો, ચીજો વિગેરેની જરૂર પડે ત્યાં ત્યાં અને ત્યારે ત્યારે તે તે સહીઓ કબુલાતો ચીજો વિગેરે કરી આપવા વેચાણ આપનાર તથા તેના ભાગીદારો વિગેરે તમામ બંધાયેલા છે અને રહેશે.

(૭) મજકુર યુનીટના બાંધકામની ક્ષતિ અગર ખામી વેચાણ આપનારની નિયંત્રણ બહારના સંજોગોના કારણે, કુદરતી આફતના કારણે, કારીગરીની ખામીના કારણે અગર વેચાણ લેનાર, તેના કારીગરો સભ્યો વિગેરેની ભુલના કારણે તેમજ તેમના અયોગ્ય વપરાશ ઉપયોગના કારણે કોઇ ખામી અગર ક્ષતિ થયેલ હોય તો વેચાણ આપનાર તેવી ખામી અગર ક્ષતિ દુર કરી આપવા અગર સુધારો કરી આપવા અગર વળતર આપવા બંધાયેલા રહેશે નહી.

(૮) મજકુર મીલકત અંગેનો આ વેચાણ દસ્તાવેજ સબ રજીસ્ટ્રારશ્રી ગાંધીનગર ની કચેરીમાં નોંધણી માટે રજુ કરેલ છે. અને મજકુર મીલકતનો આ વેચાણ દસ્તાવેજ કરવા સારૂ થતો તમામ ખર્ચો જેવો સ્ટેમ્પ, રજીસ્ટ્રેશન ફી, ટાઇપીગ ખર્ચ, વકીલ ફી વિગેરે તમામ ખર્ચો વેચાણ લેનારે ભોગવેલ છે.

MANISH M. PATEL ADVOCATE AHMEDABAD

પરિશિષ્ટ-૧

મજકુર સઘળી જમીનનું વર્ણન

રજીસ્ટ્રેશન ડ્રીસ્ટ્રીકટ સબ સબડિસ્ટ્રીકટ ગાંધીનગરના મોજે ગામ રણાસણની સીમના બ્લોક/સર્વે નંબર ૨૩/ક/૪ ની હે.આરે.ચો.મી. ૩-૦૭-૩૦ પૈકી ઔડા કપાત બાદ કરતાં બાકી રહેતી હે.આરે.ચો.મી.૧-૮૪-૩૮ પૈકી ૫૦૦૦ ચો.મી. વાણીજય તથા ૧૩૪૩૮ ચો.મી. ઇન્ડસ્ટ્રીયલ હેતુ માટે તેમ કુલ મળી ૧૮૪૩૮ ચો.મી. બીનખેતી થયેલ જમીન તથા તેનાં ખુંટચારની વિગત.

પુર્વે :

પશ્ચિમે :

ઉત્તરે :

દક્ષિણે :

પરિશિષ્ટ-૨

મજકુર મીલકતનું વર્ણન

રજીસ્ટ્રેશન ડ્રીસ્ટ્રીકટ સબ સબડિસ્ટ્રીકટ ગાંધીનગરના મોજે ગામ રણાસણની સીમના બ્લોક/સર્વે નંબર ૨૩/ક/૪ ની હે.આરે.ચો.મી. ૩-૦૭-૩૦ પૈકી ઔડા કપાત બાદ કરતાં બાકી રહેતી હે.આરે.ચો.મી.૧-૮૪-૩૮ પૈકી ૫૦૦૦ ચો.મી. વાણીજય તથા ૧૩૪૩૮ ચો.મી. ઇન્ડસ્ટ્રીયલ હેતુ માટે તેમ કુલ મળી ૧૮૪૩૮ ચો.મી. બીનખેતી થયેલી જમીનમાં મુકવામાં આવેલ **"ભૂમિ ઇન્ડસ્ટ્રીયલ એન્ડ બિઝનેશ પાર્ક"** નામની યોજનાના શેડ નં......... જે આશરે .... ચો.મી પ્લોટ એરીયા અને વણવહેંચાયેલ .... ચો.મી (રોડ, રસ્તા અને કોમન પ્લોટ, કોમન પાર્કીંગની વણવહેંચાયેલ જમીન સહીત) જમીન મળી કુલ્લે .... ચો.મી જમીન અને તેમાં અમદાવાદ શહેરી વિકાસ સત્તામંડળ(ઔડા) એ મંજુર થયેલ પ્લાન મુજબ કરેલ .... ચો.મી (કાર્પેટ) નુ ક્ષત્રફળ ધરાવતી ઔધોગિક હેતુના બાંધકામવાળી મીલકત તથા મજકુર ઔધોગિક યોજનામાં મુકવામાં આવેલ કોમન

MANISH M. PATEL ADVOCATE AHMEDABAD

એરીયા, કોમન એમીનીટીઝ અને ફેલેસીટીઝના વગર વહેંચાયેલા હકકો સહીતની મીલકતના ખુંટચારની વિગતઃ-

-:: ખુંટચારની વિગત.::-

પુર્વ :

પશ્ચિમે :

ઉત્તરે :

દક્ષિણે :

એ રીતે ખુંટચાર વચલી સઘળી મીલકત

પરિશિષ્ટ-૩

કોમન એમીનીટીઝ તથા ફેસેલીટીઝની વિગત

આંતરીક આર.સી.સી રોડ, પાણીનો કોમન બોર, પાણીની સુવિધા વિગેરે અન્ય કોમન એમીનીટીઝ સહીતની મીલકત.

ઉપર મુજબનો આ વેચાણ દસ્તાવેજ પક્ષકારોએ પોતાની રાજીખુશીથી તથા અકકલ હોંશીયારીથી શુધ્ધબુધ્ધિપુર્વક કોઇના કોઇપણ જાતના દાબ દબાણ વગર વાંચી, વંચાવી સમજી વિચારીને કરેલ છે જે પક્ષકારોને તથા તેમના હાલના તથા વખતો વખતના વંશ, વાલી વારસો, એસાઇની, એકઝીકયુટર્સ, એડમીનીસ્ટ્રેટર્સ, સકસર્સ વિગેરે તમામને કબુલ મંજુર અને બંધનકર્તા છે અને રહેશે ઉપર લખ્યુ તે સહી છે.

આજરોજ તા .... માહે .... સને ૨૦૧૭ ના દિને શહેર અમદાવાદ મધ્યે.

અત્રે ....મતુ અત્રે............................શાખ

લખી આપનાર/ એકતરફવાળા

MANISH M. PATEL ADVOCATE AHMEDABAD

....

(પ્રતિકભાઇ ભીખુભાઇ કયાડા) સાક્ષીની સહી

....

(મનસુખભાઇ ભીખાભાઇ ધામી) સાક્ષીની સહી

(૩) સવિતાબેન પરશોત્તમભાઇ ગજેરા
(૪) સાગરભાઇ પરશોત્તમભાઇ ગજેરા
(૫) પરશોત્તમભાઇ પોપટભાઇ ગજેરા
તે પોતે જાતે તથા નં.૩ તથા ૪ ના કુલમુખત્યાર તરીકે

....

(પરશોત્તમભાઇ પોપટભાઇ ગજેરા)

કન્ફરમીંગ પાર્ટી / ત્રીજીતરફવાળા
ભૂમિ ડેવલપર્સ એ નામની ભાગીદારી પેઢીના ભાગીદાર

....

(પરશોત્તમભાઇ પોપટભાઇ ગજેરા)

MANISH M. PATEL ADVOCATE AHMEDABAD

મીલકતનુ સરનામુઃ- શેડ નં....... "ભૂમિ ઈન્ડસ્ટ્રીયલ એન્ડ બિઝનેશ પાર્ક" ગામ-રણાસણ, તા.જી.ગાંધીનગર.

MANISH M. PATEL ADVOCATE AHMEDABAD

....	....	....
લખાવી લેનાર	લખી આપનાર	કન્ફરમીગ પાર્ટી

રજીસ્ટ્રેશન અધિનિયમ ૩૨ (અ) મુજબનુ પરિશિષ્ટ

લખી આપનાર / એકતરફવાળા

....
(પ્રતિકભાઇ ભીખુભાઇ કયાડા)

....
(મનસુખભાઇ ભીખાભાઇ ધામી)

(૩) સવિતાબેન પરશોત્તમભાઇ ગજેરા
(૪) સાગરભાઇ પરશોત્તમભાઇ ગજેરા
(૫) પરશોત્તમભાઇ પોપટભાઇ ગજેરા
તે પોતે જાતે તથા નં.૩ તથા ૪ ના કુલમુખત્યાર તરીકે

....
(પરશોત્તમભાઇ પોપટભાઇ ગજેરા)

MANISH M. PATEL
ADVOCATE
AHMEDABAD

<u>કન્ફરમીંગ પાર્ટી / ત્રીજીતરફવાળા</u>
ભૂમિ ડેવલપર્સ એ નામની ભાગીદારી પેઢીના
વહીવટકર્તા ભાગીદાર

....
(પરશોત્તમભાઇ પોપટભાઇ ગજેરા)

<u>લખાવી લેનાર / બીજીતરફવાળા</u>

MANISH M. PATEL
ADVOCATE
AHMEDABAD

....

M.M. Patel
Manish M. patel
ADVOCATE
32, Krish bunglow, B/h. Balaji Residency,Nr. Manohar Villa Char Rasta, Nikol - Naroda road, Nikol, Ahmedabad-380009.